# ભજન:૧૪

## કાના રે.....

કાના રે...માયા લગાવી અમને શીદને ભુલી જાય
તારા વિનાતો શ્યામ ક્યાંથી જીવાય...૨
મનડું મુજાય, તનડું શેકાય....તારા વિનાતો....

તારા વિરહે વ્હાલા મારી, ગળવા લાગી કાયા...૨
શાને અમને શામળીયા તું, ઝેરના કટોરા પાય..૨

કાના રે...રડતી આંખલડીના આસુંના સુકાય...તારા..

શ્યામ વિનાનું જીવન જાણે, સુનું સુનું લાગે...૨
તારા દિલમાં મારે માટે, લેશ દયાના જાગે...૨

કાના રે...માખણ ખાનારો આવો નિર્દય શાને થાય..તારા.

પોતાનાં થઇ પાડુ મારે, કોને જઇને કહીયે...૨
પ્રેમ અગનની જ્વાળા માંહી, રોજ બળતા રહીયે...૨

કાના રે...બિંદુનુ ભવન તારા હાથોમાં રોળાય...તારા..